બનાસકાંઠા જિલ્લાના ભાજપના પાયાના કાર્યકર અને પૂર્વ સાંસદ લેખરાજ બચાણીનું ૮૫ વર્ષની જેફ વયે લાંબી માંદગી બાદ આજે પાલનપુરમાં તેમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું છે. આ બનાવથી શહેરમાં તેમજ જિલ્લામાં ઘેરા શોક સાથે આઘાતની લાગણી પ્રસરી જવા પામી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



# લક્ષ્મી શોપીંગ સેન્ટરમાંથી પકાયેલ ૨૩ લાખના મોબાઈલનું કનેકશન મુંબઈ-દિલ્લી સુધી હોવાની શકયતા

## વગર બીલના મોબાઈલ મામલે સેલટેક્ષને જાણ કરાઈ

મોડાસા, તા.૨૨

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં બે દિવસ પહેલા જીલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી. અને ટાઉન પોલીસે સયુકત રીતે રેડ પાડી મોડાસાના લક્ષ્મી શોપીગ સેન્ટરમાંથી રૂ. ૨૩ લાખના બીલ વગરના ચોરીના મોબાઈલ પકડી પાડયા હતા. જેનું પગેરુ છેક મુંબઈ અને દિલ્લી સુધી પહોંચે તેવી શકયતાઓ દેખાઈ રહી છે.

મોડાસા શહેરમાં પોલીસે ચોરીના અને વગર બીલના મોબાઈલ વેચનાર વેપારીઓ સામે લલ આંખ કરી છે. ત્યારે હાલ પોલીસ ધ્વારા ૨૩લાખ ના મોબાઈલ જપ્ત કર્યા બાદ આ મોબઈલ પકડયા બાદ આ મોબાઈલ કયાથી આવ્યા અને કોણે આપ્યા જેવી બાબતોના ખુલાસા માટે પોલીસે તપાસની ગતી તીવ્ર બનાવી છે ત્યારે આ તપાસનો છેડો મુંબઈ-દિલ્હી સુધી લાંબો થાય તેવી શકયતાઓ દેખાઈ રહી છે.

મોડાસામાં આવેલ લક્ષ્મી શોપીંગ સેન્ટરમાં આશરે ૫૦થી વધુ મોબાઈલની દુકાનો આવેલી છે. આમાંની કેટલીયે દુકાનોમાં બિલ વગરના ચોરીના મોબાઈલ વેચાય છે તેવી બાતમી પોલીસ ને મળતા પોલીસ ધ્વારા રેડ કરવામાં આવી હતી અને ૬ જેટલી મોબાઈલની દુકાનમાંથી કુલ ૧૬૧ મોબાઈલ અને ૮ જેટલા લેપટોપ જપ્ત કર્યાહતા અને સાથે ૫ વેપારીઓની અટકાયત કરવામાં આવી હતી. જયારે પોલીસ માટે હાલ તપાસનો વિષય એ બન્યો છે કે આટલી મોટી માત્રામાં આ બજારમાં બીલ વગરના મોબાઈલ આવ્યા કયાંથી? જયારે આ મોબાઈલનુ પગેરુ શોધવા પોલીસ મુંબઈ અને દિલ્લી સુધી પણ જશે અને તપાસ કરશે તેવુ એલ.સી.બી. પી.આઈ. પી. કે પટેલે જણાવ્યુ હતુ અને આ પકડાયેલ તમામ મોબાઈલના ઈ.એમ.આઈ. નંબરની ખરાઈ કરવામાં આવશે.

જયારે લાકમુખે થતી ચર્ચા પ્રમાણે આ બજારમાં મોબાઈલ મુંબઈ, દિલ્લી, કોલકતા અને હૈદરાબાદથી પણ આવે છે. એક અંદાજ પ્રમાણે આ બજારમાં મહિને એક કરોડથી પણ વધુના મોબાઈલ આ માર્કેટમાંથી વેચાય છે. જયારે પોલીસ જીણવટભરી તપાસ કરે તો એક મોટા નેટવર્કનો પર્દાફાશ થાય તેવું દેખાઈ રહયુ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## વડાગામ નજીક ગાડીની ટક્કરે કિશોરનું સારવાર દરમિયાન મોત

વડાગામ, તા. ૨૨

વડાગામના ભુજપુરા પાસે સ્કૂલવાનની અડફેટે માર્ગ ઓળંગી રહેલ ૮ વર્ષીય કિશોરનું ઈજાઓ થતાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વડાગામના ભુજપુરા માર્ગ પર ખીલોડીયા ગામથી સ્કૂલવાન ચલાવતા અદરસિંહ બળદેવસિંહ મકવાણા જીજે-૯-એમ-૭૦૧૧ નંબરની ટાટા સ્વેસીયો વાનમાં સ્કૂલના બાળકો બેસાડી સવારે ૯ કલાકે વડાગામ તરફ આવી રહ્યા હતા. અચાનક જ વાન પરનો કાબુ ગુમાવતા માર્ગ ઓળંગી રહેલા પ્રકાશ ભગવાનભાઈ વાઘરી (ઉં.વ.૮) ને અડફેટે લેતા કિશોરને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘાયલ કિશોરને સારવાર માટે ખાનગી હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.

## ધનસુરામાં બીજા માળથી પટકાયેલા ૩ વર્ષના બાળકનો આબાદ બચાવ

ધનસુરા, તા.૨૨

ધનસુરા શહેરમાં એક આશ્ચર્યચકિત કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. જેમાં ૨૫ ફુટની ઉંચાઈથી નીચે પટકાતા ૩ વર્ષના બાળકનો આબાદ બચાવ થવા પામ્યો છે.

આ ઘટનાની વિગત એવી છે કે ધનસુરાના મુખ્ય બજારમાં દુકાન ધરાવતા સંજયભાઈ ખત્રીનો એકનો એક ૩ વર્ષનો દિકરો આદિત્ય દુકાન ઉપરના મકાનની ગેલેરીમાં રમતો હતો દરમિયાન રમત રમતમાં અચાનક જ અંદાજે ૨૫ ફુટની ઉંચાઈથી માર્ગ પર પટકાયો હતો બુમાબુમ અને ચિસાચીસ થતા લોકોના ટોળેટોળા દોડી આવ્યા હતા પરંતુ નવાઈની વાત એ છે કે આટલી ઉંચાઈથી પટકાયેલા બાળકને શરીરે એક પણ ઈજા થવા પામી ન હતી. આ ઘટના બાદ આ કહેવત સાચી ઠરી કે 'રામ રાખે તેને કોણ ચાખે...'

## ધનસુરા કોલેજમાં બ્યુટી કેર વર્કશોપ યોજાયો

ધનસુરા, તા.૨૨

ધનસુરા સ્થિત ધનસુરા કોલેજ અને અખિલ ગુજરાત સંસ્થા અમદાવાદ શકિતમંચના સંયુકત ઉપક્રમે ત્રિદિવસીય બ્યુટીકેર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં કોલેજના આચાર્યા ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને વિદ્યાર્થીની બહેનો પોતાની સ્કીલ ડેવલોપ, વ્યકિતત્વ વિકાસ કરે અને સ્વનર્ભર બને તેવું જણાવ્યું હતું જયારે બ્યુટીકેર વર્ક અંગે નિષ્ણાંતો દ્વારા માહિતી અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# મોડાસા શહેરના રોડ પર રખડતી ગાયોનો જમાવડો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં શહેરના મેઈન રોડ ઉપર ટ્રાફીકનો અવરજવર ખુબ જ વધારે ક્યારેક તોફાને ચડતી ગાયોને કારણે અકસ્માતો પણ સર્જાય છે. આ રખડતી ગાયોને પકડવા માટે નગરપાલિકા દ્વારા કોઈ પણ પગલા નગરપાલિકામાં વારંવાર રજુઆત કરતાં દેખાવપૂર્તિ કામગીરી કરી આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. નગરપાલિકા તંત્ર ક્યારે



હોય છે. મોડાસા શહેરના માલપુર રોડ, મેઘરજ રોડ તેમજ ડિપ વિસ્તાર રોડ ઉપર રખડતી ગાયોનો ત્રાસ ખુબ જ વધી ગયેલો છે. મોડાસાના ગોપાલકો પોતાની ગાયને રેઢીયાર મુકી દેતા ગાયોએ જાહેર રોડ ઉપર અડિંગો જમાવી દિધો છે. ભરવામાં આવતા નથી કે ગાયોના માલિકને દંડ ફટકારવામાં ન આવતાં ગોપાલકો પણ બિન્ધાસ્ત બની ગયા છે. મોડાસાના પ્રજાજનોની વારંવાર ગાયોની પરેશાનીનો ભોગ બનવો પડે છે. મોડાસાની જનતાએ આ અંગે જાગશે એ વિચારી પ્રજાજનો નિરાશામાં ગર્કાવ થઈ ગયું છે. ગાયોના અકસ્માતના કારણે કોઈને જીવ તો ગુમાવવાનો વારો તો નહિ આવે ને એવા આત્મ મંથન કરતા લોકો પણ એકબીજા જોડે ચર્ચા કરતા નજરે પડ્યા હતા.

## ખેતી બેંકના ચેરમેન તરીકે ધિરેનભાઈ ચૌધરીની બિનહરીફ વરણી

ખેતી બેંક, અમદાવાદના ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી કરવા માટે સીટી ડેપ્યુટી કલેકટર અને ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં તા.૨૦ મી ઓગષ્ટના રોજ ખેતી બેંક, આશ્રમરોડ, અમદાવાદ ખાતે બેંકના કાર્યવાહક મંડળની બેઠક બોલાવવામાં આવેલ.

મહેસાણા જીલ્લાના ડીરેકટર તરીકે કાર્યરત એવા શ્રી ધિરેનભાઈ બી.ચૌધરી ખેતી બેંકના ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાઈ આવેલ છે. ગુજરાત રાજય સહકારી બેંકના પ્રતિનિધિ તરીકે ખેતી બેંકમાં ડીરેકટર તરીકે નિયુકત થયેલ શ્રી ડોલરરાય વી.કોટેચાની વાઈસ ચેરમેન તરીકે બિનહરીફ વરણી થયેલ છે.

## રામપુરા ખાતે એન.ડી.સી. કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ તાલુકાના રામપુરા ખાતે ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ અને આઈસીઆઈસીઆઈ બેંકના ઉપક્રમે એનડીસી કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં આઈસીઆઈસીઆઈ બેંક દ્વારા ઝીરો બેલેન્સથી બેંકમાં ખાતા ખોલી આપવામાં આવ્યા હતા. જયારે ૩૦ વર્ષથી ઉપરના વ્યક્તિઓને બ્લડ પ્રેશર અને ડાયાબીટીશ જેવી બિમારીની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત આરોગ્ય અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડૉ. મનીષ ફેન્સી, ડૉ. ગૌતમ નાયક, ડૉ. મહેલુ ચોપડા, પ્રજ્ઞેશ મોદી, રણછોડભાઈ પટેલ, કાર્તિક ઉપાધ્યાય, પદ્માવતીબેન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## રાજયના ત્રીજા નાણાપંચના અધ્યક્ષ ડો. ભરત ગરીવાલાના અધ્યક્ષસ્થાને કલેકટર ઓફિસે મીટીગ યોજાઈ

અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતે નવા રચાયેલા જિલ્લાઓ અને તાલુકાઓની વિશેષ પ્રકારની સમસ્યાઓના નિરાકરણ માટે મીટીગનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આપણા દેશના બંધારણના ૭૩ અને ૭૪ સંશોધન બાદ દરેક રાજયમાં નાણાપંચની રચના કરવામાં આવી હતી. આ નાણાપંચના અહેવાલના આધારે જિલ્લા પંચાયત તાલુકા પંચાયત ગ્રામ પંચાયત નગરપાલિકા, મહાનગરપાલિકા જુદા જુદા કરો પૈકીના ગ્રાન્ટની વહેચણી રાજય સરકાર ધ્વારા કરવામાં આવે છે. એ અન્વયે ૩ જા નાણાપંચે એક પુરક અહેવાલ રાજય સરકારને રજુ કરી નાણાકીય સંશોધનની વહેચણી અંગેની ભલામણ રાજય સરકારને કરવાની હોય છે જે અંગે આજે નવરચીત અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકા ખાતે ૩જા નાણાપંચના અધ્યક્ષ ડો. ગરીવાલાએ મુલાકાત લઈ એ કમીટીગ યોજી હતી.

# જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ૧ થી ૫ સપ્ટેમ્બરના રોજ જ્ઞાન સપ્તાહની ઉજવણી કરાશે

## સાબરકાંઠા જિલ્લાની ૧૨૦૧ પ્રાથમિક અને ૩૧૩ માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરાશે

હિંમતનગર, તા. ૨૨

સમગ્ર રાજયભરમાં તા. ૧ થી ૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમ્યાન


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની ૧૨૦૧ -નથમિક અને ૩૧૩ માધ્યમિક શાળાઓમાં પણ જ્ઞાન સપ્તાહ દરમ્યાન સ્વચ્છતા, સમૃધ્ધિ, સ્વ-શિક્ષણ, સમુલ્લાસ અને નિવૃત થયેલ શિક્ષકોના સન્માન માટેના કાર્યક્રમ યોજવામાં આવશે.

દર વર્ષે રાજયમાં ઉજવણી કરાનાર જ્ઞાન સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૩૦ અને ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૪ના રોજ જિલ્લા વિકાસ અધિકારીના સંકલનમાં ગામે ગામ સ્વચ્છ ગામ અભિયાન શરૂ કરવામાં આવશે. આ અભિયાનમાં ગ્રામજનો, ગામના ચુટાયેલા -તિનિધિઓ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, ગામના ચાલતા મહિલા સામખ્ય જૂથની બહેનો, શાળાના શિક્ષકો અને તમામ સ્થાનિક સરકારી કર્મચારી-અધિકારીઓને જોડવામાં આવશે.

જેમાં તા.૧લી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ શાળાઓમાં સ્વચ્છતા દિન તરીકે ઉજવાશે. જેમાં શાળા સંકુલની સામૂહિક સફાઈ, સફાઈ, રંગોળી-શ્રેષ્ઠ વર્ગ, ગુજરાતી - અંગ્રેજી સુલેખન, બાલ-વાર્તા, આદર્શ વાંચન, દાખલા ગણન, ઘડીયા - ગાન, અને સામાન્ય જ્ઞાન કિવઝ જેવી સ્પર્ધાઓ યોજાશે. આ કાર્યક્રમાં વિવેકાનંદ યુવક મંડળ પણ જોડાશે. તા. ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સમૃધ્ધિ દિનની ઉજવણી કરવામાં આવશે. આ દિન નિમિત્તે શાળાના ઓરડાની ત્વરિત મંજૂરી, વધારાના ઓરડા, કમ્પાઉન્ડ વોલ, સેનીટેશનનું કામ, સહિતના અન્ય કામોની મંજૂરી આપવામાં આવશે. તેમજ શાળઓમાં સમૂહ વાંચન, વિદ્યાર્થીઓ દ્વારા વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્ય વાંચન, ચેસ, કેરમ, યોગાસન, દેશભક્તિના ગીતો, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને અન્ય મહાનુભાવો વિશેનું વાંચન કરવામાં આવશે.

તા.૩જી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સ્વ-શિક્ષણ દિનની ઉજવણી કરાશે. આ દિને શાળાનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવશે. તેમજ શૈક્ષણિક કાર્ય શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવશે. તેમજ સારા શિક્ષકો તરફથી ડાયેટ અને બી.આર.સી. ભવનનો અન્ય શિક્ષકો માટે તાલીમ વર્ગ સુશોભન કાર્યક્રમ, વર્ગ સુશોભન હરિફાઈ, વિજ્ઞાન -યોગ ચાર્ટ, કાગળ કટીંગ -વૃત્તિ, માટીકામ, વર્ગ યોજવામાં આવશે. તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સમુલ્લાસ દિન ઉજવાશે. જેમાં -ભાત ફેરી થકી વ્યસન મુકિત અભિયાન શરૂ કરવામાં આવશે. તેમજ શાળા, ગામ અને પંચવટી વગેરેમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. તે ઉપરાંત શાળાઓમાં વેશભુષા હરિફાઈ, દેશભક્તિના સમૂહ ગીત, એક પાત્રીય અભિનય, ચિત્ર સ્પર્ધાઓ પણ યોજાશે. તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૪ શિક્ષક દિનના દિવસે શિક્ષક સન્માન દિવસ ઉજવવામાં આવશે. આ દિને નિવૃત્ત શિક્ષકોને શાળામાં નિમંત્રણ આપીને શાળાના શિક્ષકો, ગ્રામજનો, સ્કુલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો અને ટ્રસ્ટીઓની હાજરીમાં શાળાના શિક્ષકો અને નિવૃત્ત શિક્ષકોની ગુરૂ વંદના કરવામાં આવશે. સાથે દેશભક્તિના ગીતોનું ગાન પણ કરાવવામાં આવશે.

## ધનસુરા મહિલા કોલેજમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા.૨૨

ધનસુરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધનસુરા પ્રદેશ એજયુકેશન સોસાયટીના ઉપપ્રમુખ કાન્તિભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

ધનસુરા પ્રદેશ એજયુકેશન સોસાયટીના હોદ્દેદારો, સર્વે અધ્યાપકગણ, વહીવટી સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કોલેજના આચાર્યા ડૉ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે પોતાના વકતવ્યમાં નાગરિકોએ આઝાદીનું મુલ્ય સમજી તેનું જતન કરવું જોએ અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવા જણાવ્યું હતું. કાર્યક્રમ અંતગર્ત કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લઈ દેશભકિત ગીત અને ગરબા રજૂ કર્યા હતા. જેનું સંચાલન પારૂલબેન સોનીએ કર્યું હતું.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## તમિલનાડુ સરકારના ઉચ્ચ અધિકારીઓએ મોડેલ વિલેજ પુસંરીની મુલાકાત લીધી

સમગ્ર દેશમાં મોડલ વિલેજ તરીકે નામના મેળવનાર સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના પુસંરી ગામે આજે તમિલનાડુ રાજય સરકારના અગ્ર સચિવ સાથે સંયુકત નિયામક અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ મુલાકાત લીધી હતી. જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને ઉચ્ચ અધિકારીઓને પુસંરી ગામની વિકાસની રૂપરેખા આપતા જણાવ્યું હતું ગામમાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને પીવાના પાણીને લગતી તમામ પાયાને લગતી તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવી રહી છે. જે ગામના વિકાસને જોઈ અધિકારીઓ સંતોષ વ્યકત કર્યો હતો. આ ઉપરાંત અધિકારીઓએ આપત્તિ વ્યવસ્થાપન અંગેની જિલ્લા કલેકટર બંછાનિધિ પાની પાસેથી મેળવી હતી જેમાં ગામ આપત્તિ વ્યવસ્થાના સુદઢ સંચાલનની -સશા કરી હતી. પુંસરી ગામની મુલાકાત દરમિયાન સરપંચ હિંમાશુભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, તલોદ મામલતદાર તાલુકા વિકાસ અધિકારી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦